શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૮
અંક : ૮

**વાર્ષિક સાધારણ સભા** તા. ૩૧/૦૮/૨૦૧૬

અવિરત એગ્રો પ્રોડયુસર કંપની લી.ની વાર્ષિક સાધારણ સભા તારીખ : ૨૪/૯/૧૬ને શનિવારના રોજ બપોરના ૦૨.૦૦ થી ૦૫.૦૦ સુધી એપીએમસી, ખાંભા મુકામે રાખેલ છે. જેમાં નીચે મુજબના એજન્ડા પ્રમાણે કાર્યવાહી હાથ ધરાશે તો કંપનીના તમામ સભાસદોને ઉપસ્થિત રહેવા વિનંતી.

**એજન્ડા**

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ મંજુરી આપવી.
૨. પુરા થયેલા વર્ષની કામગીરી અહેવાલ.
૩. નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ના ઓડીટ થયેલ હિસાબોને મંજુરી.
૪. આગામી વર્ષ ૨૦૧૬–૧૭ માટે ઓડીટરની નિમણુંક આપવી.
૫. સભાસદો અને ડાયરેકટરોની ફેરબદલી અંગે ચર્ચા.
૬. ખાંભા એપીએમસીમાં ખરીદવેચાણ ચાલુ કરવા અંગે આયોજન.
૭. શેર ભંડોળ, ખેત ઉત્પાદન અને માલ સંગ્રહ માટે ગોડાઉન અંગે વિચારણા.
૮. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે.

**મીટીંગ સ્થળ :** ખેડૂત ઉત્પાદન બજાર સમિતી, ખાંભા–૩૬૫૬૫૦, તા. ખાંભા, જી. અમરેલી
ફોન નં. (૦૨૭૯૭)૨૬૦૦૭૯, મો. ૯૪૦૮૪૫૩૩૨૨

**સહી** – સુરેશ ગોહીલ
ચીફ એકઝકયુટીવ ઓફીસર

**સહી** – મગનભાઈ કોઠીયા
ચેરમેન

**નોંધ :** શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર તથા હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટના માધ્યમથી રચાયેલા ખેત ઉત્પાદક સંઘો જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપની, સોરઠ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપની તથા ગીર ફાર્મર્સ પ્રોડયુસર કંપનીઓની વાર્ષિક સાધારણ સભાઓ પણ ઉકત સ્થળે અને સમયે રાખેલ છે.

**વિચાર વિના શીખવું તે મહેનત બરબાદ કર્યા જેવું છે**

## ટેઝી

ન્યુયોર્કના એક પરગણામાં આંઠવરસની ટેઝી, એનો બે વરસનો ભાઈ એન્ડ્રયુ અને માતાપિતા એમ ચાર જણ રહે. ટેઝીને એન્ડ્રયુ ખુબ જ વહાલો. એમાંય જયારથી ચાલતા શીખ્યો ત્યારથી જાણે ટેઝીની દુનીયા બદલાઈ ગઈ.

નિશાળેથી આવ્યા પછી છેક સુવાની ઘડી સુધી એન્ડ્રયુ સાથે એની ધિંગામસ્તી ચાલતી જ હોય. નિશાળનું લેશન પણ એની મમ્મી પચાસ વખત માથાં ફોડે ત્યારે માંડ પુરૂ થઈ શકતુ. ભાઈ બહેનની કિલકારીઓથી એમનું ઘર ગુંજતું રહેતુ. પરંતુ છેલ્લા કેટલાક દિવસથી આવા સરસ વાતાવરણને જાણે કે ગ્રહણ લાગ્યુ, અન્ડ્રયુ માંદો પડયો. મા બાપની વાત પરથી ટેઝીને એટલું સમજાયું હતું કે એન્ડ્રયુના મગજમાં કંઈક ગાંઠ કે એવી કોઈ ગરબડ ઉભી થઈ હતી. ઘરના બદલાયેલા વાતાવરણે ટેઝીને પણ એની ઉંમર કરતા વધારે ગંભીર બનાવી દીધી.

એક બપોરે નિશાળેથી આવ્યા બાદ ટેઝી પોતાના રૂમમાં સુતી હતી ત્યારે બાજુના રૂમમાંથી એની મમ્મીના રડવાનો અવાજ આવ્યો. અવાજ ન આવે તે રીતે ચુપચાપ એ બારણાંની પાછળ મમ્મી શું કામ રડે છે. તે સાંભળવા ઉભી હતી. આપણે એન્ડ્રયુને સારો કરવા ઘર વેચી દેવું પડશે ખરેખર ? એની મમ્મી રડતા રડતા બોલી. બીજો કોઈ છુટકો જ નથી અને તો પણ એને સાજો કરી શકાય એટલા પૈસા તો નથી જ ઉભા થઈ શકે તેમ. એના પપ્પાએ નીસાસો નાખ્યો. તો હવે શું થશે? આપણો એન્ડ્રયુ... એની મમ્મીનાં આંસુ અટકતાં જ નહોતા. એ ત્રુટક ત્રુટક શબ્દોમાં માંડ માંડ બોલતી હતી બસ હવે તો એને ફકત ચમત્કાર જ બચાવી શકે. એના પપ્પા બોલ્યા પછી મા બાપ બંને આંસુ સારતા રહયા. ગમે તે હોય પરંતુ પેલી ચમત્કાર વાળી વાત ટેઝીના મગજમાં બરાબર ફિટ બેસી ગઈ. એણે થોડીક વાર સુધી શું કરવું એનો વિચાર કર્યો પછી પોતાની નાની બચતનો ગલ્લો બહાર કાઢયો. એમાં એકઠા કરેલા પૈસા એણે પોતાની પથારી પર ઠાલવીને ગણ્યા. બરાબર એક ડોલર અને તેર સેંટ થયા તે કોથળીમાં ભરી એ પાછળ ના બારણેથી નીકળી, ઘરથી થોડેક દુર એક મેડીકલ સ્ટોરમાં પહોચીને કાઉન્ટર પાસે ઉભી રહી. કાઉન્ટર પર હાજર ફાર્માસિસ્ટ એક અન્ય વ્યકિત સાથે વાત કરવામાં મશગુલ હતો એટલે એણે ટેઝીના આવવા પર બહુ ધ્યાન ન આપ્યું. આમેય ટેઝીનું માથું માંડ કાઉન્ટર સુધી પહોંચતુ હતુ. ખાસી વાર થવા છતા દુકાનદારનું ધ્યાન ન ગયું. એટલે ટેઝીએ પોતાના હાથમાં રહેલી સિકકાઓની કોથળીને કાઉન્ટરના કાચ પર થપથપાવી તથા એક વીચીત્ર અવાજ વાળી ઉધરસ પણ ખાધી એની આવી હરકત દુકાનદારનું ધ્યાન ખેંચવામાં સફળ નીવડી. અલી છોકરી શું જોઈએ છે તારે? શું કામ આવો ખડખડાટ કરી રહી છે? મારો ભાઈ ઘણા વખતે

શિકાગોથી આવ્યો છે. એની સાથે મને બે ઘડી નીરાંતે વાત તો કરવા દે ને.

હું પણ મારા ભાઈની વાત કરવા માંગુ છું. એ બે વરસનો છે અને ખુબ જ માંદો છે. મારા પપ્પા કહે છે કે હવે તો એને કોઈ ચમત્કાર જ બચાવી શકે તેમ છે. એટલે હું ચમત્કાર ખરીદવા આવી છું, મારા નાના ભાઈને મગજમાં કંઈક બીમારી છે. અમે ઘર પણ વેચી દેવાના છીએ છતા પૈસા ઘટશે અને એને ફકત ચમત્કાર જ બચાવી શકે તેમ છે. જુઓ મારી પાસે મારી બચતના પૈસા છે. એમાથી જો આવી શકે તો તમે ચમત્કાર વેચાતો આપોને. આંખો ભરાઈ આવી, ગળે ડુમો બાઝી ગયો. થોડીવાર કંઈ આગળ બોલાયુ નહી. દુકાનદાર ટેઝીની વાતથી વ્યથીત થઈ ગયો હોય તેવુ સ્પષ્ટ દેખાઈ આવતુ'તુ. ટેઝી તરફ ઝુકીને બને એટલી નરમાશથી એણે કહયુ મને માફ કરજે બેટા પરંતુ આ દુકાનમાં એ ચમત્કાર નથી રાખતા કે વેચતા. અત્યાર સુધી ચુપચાપ બધી વાત સાંભળી રહેલા દુકાનદારના ભાઈએ ટેઝીની નજીક આવી તેના માથે હાથ મુકીને પુછયુ દીકરી, ચમત્કાર તો ઘણા પ્રકારના મળે છે. મને ફકત એટલુ કહે કે તારા ભાઈને કેવા ચમત્કારની જરૂર છે? અત્યંત લાગણીથી એ માણસે પુછયું એટલે ટેઝીની આંખો ફરીથી ભરાઈ આવી. થોડી વાર રહીને એ બોલી, એને કોઈક ઓપરેશનની પણ જરૂર છે. મગજમાં કંઈક તકલીફ છે. પરંતુ મારા પપ્પા કહેતા હતા કે એને ફકત ચમત્કાર જ બચાવી શકશે. એટલે મે જે પૈસા ભેગા કર્યા હતા. એમાથી હું ચમત્કાર ખરીદવા આવી છુ. પેલા અજાણ્યા માણસે ટેઝી ને કહયુ તો એમ વાત છે? અચ્છા દીકરી તું અત્યારે કેટલા પૈસા લાવી છો? એક ડોલર અને તેર સેંટ ટેઝી એ જવાબ આપ્યો ...

એક ડોલર અને તેર સેંટ? શું વાત છે. પેલા માણસે જાણે કે એ ખુશીથી ઉછળી પડયો હોય તેમ કહયું... અરે બેટા આ તો એકદમ બરાબર રકમ છે. નાના ભાઈઓ માટેના ચમત્કારની કીંમત એક ડોલર અને તેર સેંટ જ થાય છે. કેવો યોગાનુયોગ. હું એ પૈસા તારી પાસેથી લઈને તને એ ચમત્કાર જરૂર આપી શકીશ. પણ એ પહેલા ચાલ, તુ મને તારા મમ્મી પપ્પા પાસે લઈ જા! પેલા માણસે ટેઝીનો હાથ પકડયો. ટેઝી એને પોતાના ઘરે લઈ ગઈ. બીજા જ અઠવાડિયે એક પણ પૈસાના ખર્ચ વિના એન્ડ્રયુનું ઓપરેશન થઈ ગયું. એ માટે ટેઝીનાં મમ્મી પપ્પાને ઘર પણ વેચવું ન પડયું. ચમત્કાર વેચનાર એ વ્યકિત હતો ડોકટર કાલર્ટન આર્મસ્ટ્રોંગ (ન્યરોસર્જન).

પોતાના નાના ભાઈ ને બચાવવા માટેનો બહેનનો પ્રેમ અને અવિચળ શ્રધ્ધા પણ જોઈએ ને.

**સાભારઃ ટવીંકલ જોધાણીએ ઈન્ટરનેટ પર પ્રકાશિત આ પ્રેરક વાર્તાના સંકલિત અંશો રજુ કરેલ છે.**

***જીવનની પરિસ્થિતિનો સામનો કરવાની યોગ્યતાનું નામ શિક્ષણ છે.***

## ખેતીકાર્યમાં સતત સુધારણા આયોજન

ખેતીકાર્યમાં ખેડૂતો પોતાની રીતે જરૂરી સુધારાઓ કરતા રહેતા હોય છે. પરંતુ ટકાઉ ખેતી પધ્ધતિ માટે સંસ્થાની ટીમ તેમની નિયમિત મુલાકાતો થકી મીટીંગ, તાલીમો તથા અન્ય જાગૃતિ કાર્યોમાં ખેડૂતોને જોડવા પ્રયાસ કરે છે. જેમાં નીચે મુજબના સિધ્ધાંતો સમજવા પ્રયાસ કરવામાં આવે છે અને તેના માપદંડો અનુસાર પ્રવૃતિઓ હાથ ધરાય છે.

### ૧. પાક સંરક્ષણ

૧.૧ સંકલીત જીવાત નિયંત્રણ (તદુરસ્ત પાક, જંતુનો ઉપદ્રવ અટકાવવો અને રોગ આવતો રોકવો તથા મિત્ર જંતુનું રક્ષણ)માં ઉંડીખેડ, આંતરપાક, નીમઓઈલ, સ્ટીકીટ્રેપ, જૈવિક ખાતરનો ઉપયોગ, જૈવિક દવાનો ઉપયોગ, મિત્ર જંતુનુ રક્ષણ, પ્રમાણસર દવા છાંટવી, જીવાંત ઓળખીને દવા છાંટવી, ટ્રાયકોડર્મા ઉપયોગમાં લેવુ, પક્ષી સ્ટેન્ડ રાખવા, મુળ પાકના રક્ષણ માટે શેઢાપાળાના પાક અવશ્ય કરવો આ તમામ પ્રવૃતિઓ હાથ ધરવાની થાય અને તે સારી રીતે હાથ ધરી શકાય તે માટે ખેડૂતો સાથે સંકલીત જીવાત નિયંત્રણ તથા સંકલીત રોગ નિયંત્રણની તાલીમો કરવી જરુરી બને છે.

૧.૨ ફકત જંતુનાશક કે જેમાં ખેત મજુરની તાલીમો કરવી. સ્પ્રે પંપ રીપેરીંગ માટે કેમ્પ કરવા. સલામતીના સાધનોના યોગ્ય રીતે ઉપયોગ સારુ નિદર્શન રાખવા. આરોગ્ય, સુરક્ષા, સલામતી અને પર્યાવરણ પર તાલીમો.

### ૨. પાણી

પાણી વ્યવસ્થાપનમાં વોટર મેનેજમેંટ ટ્રેનીંગ, સૂક્ષ્મ પિયત પધ્ધતિના સાધનોનો ઉપયોગ, ખેત તલાવડી, કુવા રીચાર્જ જેવી પ્રવૃતિઓ હાથ ધરવાની હોય છે. (આ વર્ષે ૧૦૦ હેકટરમાં ડ્રીપ, ૧૦૦ ખેડૂતો સ્પીંકલર વાપરતા થાય, ૫૦ જેટલી ખેતતલાવડી બને, ૬૦ કુવા/બોર રીચાર્જ કરીએ તેમજ જરૂર જણાય ત્યાં જળસ્ત્રાવ સંગ્રહ / સંચાલનની માળખાકીય સૂવિધાઓ ઉભી કરવા આયોજન છે)

### ૩. જમીન

જમીનની ફળદ્રુપતા ટકાવવા માટે માટીનું પરીક્ષણ, સૂક્ષ્મ પોષક તત્વોની જાળવણી,માટીના પરીક્ષણમાં થયેલ ભલામણ અનુસાર ખાતર આપવું જેવી બાબતોનો સમાવેશ થાય છે.

### ૪. કુદરતી આશ્રયસ્થાનો

૪.૧ જૈવિક વિવિધતાની જાળવણી માટે મિત્ર જંતુઓનું રક્ષણ કરવુ જેમ કે સાપ, નોળીયા, ચકલા, કાબર વિગેરે.

૪.૨ રાષ્ટ્રિય કાયદાનું પાલન કે જેમાં ખેડૂતની પોતાની જમીન હોય તેવી બાબતોનો સમાવેશ થાય છે.

### ૫. કપાસના રેસા/તંતુની જાળવણી

યોગ્ય રીતે વીણી કરવી, સંગ્રહ કરવાની જગ્યામાં રાખવાની કાળજી અને કપાસના રેસા/તંતુની ગુણવતા જળવાઈ રહે તેમાટેની તાલીમો યોજવાની હોય છે.

### ૬. ઉતમ કાર્ય

આ સિધ્ધાંત અનુસાર ખેડૂતોના સંગઠનોની રચના કરવાની (લર્નીંગ ગૃપ), બાળ મજુરીના સંદર્ભે બાળકો સાથે સંવાદબહેનો માટે સમાન વેતન શાળા કાર્યક્રમો યોજવા.

**શીખવાની વાજબીતા** (Learning equity)

આર્થિક વંચિત સમાજના બાળકો પ્રાથમિક કે પુર્વ પ્રાથમિક શિક્ષણથી વંચિત રહે છે તેઓને શાળામાં ભણવાની તક ખુબજ ઓછી છે તેમ એક અભ્યાસના તારણો કહે છે.

શાળા બહારના બાળકોનું પ્રમાણ ઘટી રહયુ હોવાના અહેવાલો મળે છે પરંતુ તેમ છતાં તે પ્રમાણ વાસ્તવિક રીતે જોવામાં આવે તો હજુ પણ ઘણું વધારે છે. જે શીખવાની બાબતોમાં અસમાનતા બનાવે છે.

ઉચ્ચ શિક્ષણના ગ્રોસ નોંધણી ગુણોતરના આંકડાઓમાં ખુબ જ અસમાનતા જોવા મળે છે. પ્રાદેશિક અસંતુલન તો છે પરંતુ સામાજીક જુથો વચ્ચે પણ જબરૂં અસંતુલન જોવા મળે છે. સમગ્ર દેશમાં આ બાબતે સમાન દર રહે તે આપણી સામે એક મોટો પડકાર છે.

પ્રાથમિક શિક્ષણથી વંચિત સમુદાયને જોડવાનો સફળ પ્રયાસ બાદ પણ શૈક્ષણિક લાભ લેવા સમર્થ નથી તેવા સમૂહો, દિવ્યાંગો અને દુરના સ્થાનોમાં વસવાટ કરતા પરિવારના બાળકો સુધી પહોંચી શકાયુ ન હોય તેમ લાગે છે. કારણ કે શહેરી વિસ્તારના આર્થિક પછાત બાળકોમાં શિક્ષણનું પ્રમાણ ઓછુ જોવા મળે છે.

નેશનલ લર્નીગ એચીવમેંટ સર્વેક્ષણના તારણ મુજબ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિદ્યાર્થીઓ દ્વારા મેળવેલી સિધ્ધિઓમાં પણ ખુબ જ તફાવત જોવા મળ્યો તેમ અહેવાલ જણાવે છે. તેમાં જણાવ્યા મુજબ શહેરના વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતા સારૂ પરિણામ લાવે છે. તેમજ સરકારી શાળા કરતા ખાનગી શાળાના વિદ્યાર્થીઓનું પરિણામ સારૂ આવલે છે. સામાજીક અને આર્થિક રીતે પછાત જ્ઞાતિના વિદ્યાર્થીઓનુ પરિણામ અ.જા. / અ.જ.જા.ના વિદ્યાર્થીઓ કરતા વધારે સારૂ આવે છે. જે લર્નીગ ઈકવીટીના ધ્યેય સુધી પહોંચવા માટે ગંભીર પડકાર સૂચવે છે.

લીંગ સમાનતા પર ખુબ જ ધ્યાન આપી એક પ્રભાવશાળી પ્રગતિ થયાનું જણાવેલ છે. તેમ છતા માધ્યમિક સ્તર પર અસમાનતા જોવા મળે છે.

૨૦૧૧ના આંકડા અનુસાર પુરૂષોમાં ૯૦ ટકા અને મહિલાઓમાં ૮૧.૧ ટકા હતું જેમાં ૮.૯ ટકાનો તફાવત જોવા મળે છે.

ઘણાં અભ્યાસો એવું કહે છે કે, શિક્ષકોની ગેરહાજરી, ભંડોળની ખામી, નબળું વહિવટી તંત્ર પણ પડકારરૂપ ગણાય.

ઉપરોકત વિગતો રાષ્ટ્રિય શિક્ષણ નીતિ – ૨૦૧૬ની માહિતી નોંધના આધારે રજુ કરી છે. પરંતુ બાળકના ભણવાના અધિકારનો કાયદો અમલમાં છે. તેને સારીરીતે લાગુ કરવામાં આવે તે જરૂરી છે.

શીખવાની પ્રક્રિયા સમજવી એ ખુબજ મુશ્કેલ કામ દેખાઈ રહયુ છે. કારણ કે હાલમાં કોઈપણ વિભાગના સ્નાતકો ગુજરાતીમાં કે કોઈ અન્ય ભાષામાં લખતા હોય ત્યારે તેમનું ભાષાકીય જ્ઞાન છતું થાય છે. છેલ્લા ૨૦ વર્ષથી શાળામાં ગુજરાતી અંક શીખવાતા હોય તો આ ગાળા દરમ્યાન ભણેલા લોકોને ગુજરાતીમાં આંકડા લખતા આવડવા જોઈએ પરંતુ લગભગ મોટાભાગના આ સમયગાળા દરમ્યાન શિક્ષણ મેળવેલ વ્યકિતઓ આંકડાઓ અંગ્રેજીમાં લખે અને અન્ય વિગતો ગુજરાતીમાં.

**જીવનને છોડીને બીજું કોઈ ધન જ નથી.**

## ઉચ્ચતમ સફળતા માટે સ્માર્ટવર્ક

ચીતક બર્ન્સ બહુ સરસ રીતે કહે છે કે મહાન કાર્યો ચોકસાઈ માંગે છે. જે લોકો લથડતા લથડતા કામ કરે છે તેઓ કદી મહાન કાર્યો કરી શકતા નથી. પરીશ્રમ કેવી રીતે કરવો તેનો ખ્યાલ હોવો જોઈએ. ઘણા પરીશ્રમ ઘાણીના બળદની જેમ કરે છે. પરીણામ અસામાન્ય આવવુ જોઈએ તેના બદલે સામાન્ય આવે છે કેમ કે આ પરીશ્રમમાં માત્ર પગ જ ચાલે પણ મગજ નહી. ઘણા લોકો સામાન્ય પરીશ્રમ કરે અને પરીણામ અસામાન્ય મેળવી શકે છે. કારણકે તેઓ હાર્ડવર્ક નથી કરતા પણ સ્માર્ટવર્ક કરે છે. જયાં માત્ર હાથ કે પગ વડે નહી પણ મગજ અને મન વડે, સમજણ અને સંવાદ વડે પરીશ્રમ કે નિર્ણય કરવામાં આવે તો પરીણામ અસામાન્ય મેળવી શકાય છે. અભ્યાસ કે વાંચન કરવાથી સારા માર્કર્સ ન આવે વાંચનથી સમજણમાં વધારો થાય પણ પરિણામ સારુ લાવવા તો સ્માર્ટવર્ક કરવુ પડે. હાર્ડવર્ક પાયો મજબુત કરે છે. સ્માર્ટવર્ક પરિણામ દર્શાવે છે. સ્માર્ટવર્ક એટલે કુશળતા પુર્વકનું કાર્ય. પરીક્ષાના બધા પેપરો સારા લખવાથી કે પરીક્ષાના પેપરમાં પુછવામાં આવેલા બધા જ પ્રશ્નો આવડતા હોય તો પણ જેટલા લખવાના હોય તેટલા જ લખવા જોઈએ અને પ્રશ્ન જેટલા માર્કસનો હોય તે પ્રમાણે લખવો જોઈએ. આવડે છે એટલે બધુ લખી નાખવુ જરૂરી નથી. સ્માર્ટવર્ક એને કહેવાય જેટલા પ્રશ્નો જેટલા માર્કસના પુછયા છે તે પ્રમાણે તેના વ્યવસ્થિત જવાબો કે જેમાં મહત્વના મુદાઓ સમાવવા. આમ લખનારાઓ જ ટોપર્સ બનતા હોય છે.

લક્ષ્ય હંમેશા તમારી નજર સમક્ષ રાખવું. અસાધારણ બુધ્ધી અને અસાધારણ ઉત્સાહથી કોઈપણ કાર્ય ઉતમ રીતે સફળ થાય છે.

**– સંકલન : પરીતા પટોળીયા**

પ્રિય વાચક મિત્રો,

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. તેથી અન્ય લોકો તે વિશે માહિતગાર થશે. – ટપક ટીમ

### રમુજ એક થેરાપી

**પત્નિ :** આ શું લાવ્યા છો ?

**પતિ :** હું નાટકની ટીકીટો લાવ્યો છું.

**પત્નિ :** વાહ, હુ હમણાં તૈયાર થવા માંડુ છુ.

**પતિ :** હા, એ બરાબર, અત્યારથી તૈયાર થા તો તું તૈયાર થઈ રહીશ.ટીકીટો આવતી કાલની છે.

**આપણું વર્તન એ આપણા વિચારોનુ પરિણામ છે.**

## ટકાઉ ખેતી

મિત્રો, ગયા અંકમાં ગુલાબી ઈયળની વાતો કરી હતી. આ અંક પણ કપાસ અને મગફળીની ખેતીની વાતો કરીશું.

તાજા સમાચાર મુજબ કપાસના આગોતરા વાવેતરમાં ગુલાબી ઈયળનો જોરદાર એટેક આવ્યો છે. જેમાં ઉના તાલુકાના સનખડા ગામના ખેડુત રામસંગભાઈ રાઠોડએ કપાસનું આગોતરુ વાવેતર કરેલ જેમાં ગુલાબી ઈયળ આવી ગઈ, આનો ઉપાય માત્ર એ કે જે પહેલો કપાસનો ફાલ આવે તેને વીણીને સળગાવી દેવો. જેણે સમયસર વાવેતર કરેલ હોય તેમણે નીચેના ઉપાયો કરવા જોઈએ.

વીઘા દીઠ ૩ ફેરોમેન ટ્રેપ ગોઠવવી, ટ્રેપમાં ફુદાઓ દેખાય તો નીચેની દવાઓ છાંટવી.

પહેલો છંટકાવ (વાતાવરણ ભેજવાળુ હોય તો) પંપદીઠ નીમઓઈલ ૪૫ એમએલ, બીવેરીયા બાસીઆના ૬૦ ગ્રામ, બીજો છંટકાવ પ્રોફેનોફોસ ૪૫ એમએલ, ત્રીજો છંટકાવ સાયપર્મેથ્રીન ૧૮ એમએલ, ચોથો છંટકાવ સીપ્નોસાડ ૩ એમએલ, પાંચમો એવમેંકટીન બેન્ઝોએટ ૬ એમએલ

મિત્રો, ઉપરની દવાઓ ગ્રુપના આધારે બતાવેલ છે. જરૂરીયાત મુજબના જ છંટકાવ કરવા બધા જ છંટકાવ કરવા જરૂરી નથી. એક જ દવા બીજીવાર વાપરવી નહિ. કપાસમાં યુરીયા ખાતરના ડોઝ જરૂર મુજબ જ આપવા જો વધારે આપવામાં આવશે તો કપાસનો ફુલ ભમરી સમય લંબાશે. ગુલાબી ઈઅળનો ત્રાસ વધશે. પાળા ચડાવતી વખતે ડીએપી અથવા એનપીકે નો ઉપયોગ કરવો નહી. આ ખાતર પાકને ૬૦ દીવસ પછી લાગે ત્યાં સુધીમાં કપાસની વીણી પુરી થાય. ફુલ ભમરી બાદ ૧૩:૦૦:૪૫ ખાતરને પંપે ૨૦૦ ગ્રામ ઓગાળી સમયાંતરે બે થી ત્રણ છંટકાવ કરવા જરૂરી છે.

નવાઉગલાના શ્રી બાબુભાઈ ઈટાલીયાનો એક સારો અનુભવઃ મગફળીમાં પહેલો છંટકાવ નીમઓઈલનો કર્યો. જેથી ઈયળ મરી ગઈ. નીમ ઓઈલ જો સારી કંપનીનું વાપરવામાં આવે તો કીટક નિયંત્રણમાં સારૂ પરીણામ આપે છે. મગફળીમાં મુખ્ય મુશ્કેલી મુંડા અને પીળી પડવી બે બાબતો છે. મુંડા નિયંત્રણ માટે જો ટપક પિયતનો ઉપયોગ કરતા હોય તો સાવ સરળ ઉપાય છે. ૬ વિઘામાં ૪ લીટરનાં પ્રમાણમાં કવીનાફોસ અથવા કલોરપાયરીફોસ દવાઓ આપવાથી મુંડાનુ નીયંત્રણ થાય છે. જો મગફળી પીળી પડતી હોય તો મુખ્ય ફેરસ તત્વની ખામી હોય શકે જેનો સસ્તો ઉપાય છે પંપમાં હીરાકસી ૧૦૦ ગ્રામ અને લીબુના ફુલ ૧૫ ગ્રામ મિક્ષ કરી અને અઠવાડિયાના ગાળે બે છંટકાવથી મગફળીની પીળાસ દુર થાય છે.

મિત્રો, આવતા અંકે પિયત પધ્ધતિઓ અને પુર્તિ ખાતર વિશે વિશેશ વાતો કરીશું.

*– ડી. એન. ઝાલા (૯૮૨૫૪ ૨૨૨૪૪)*

**આપણી વાણી એ આપણાં વિચારોનો પડઘો છે.**

**Happy birthday**

Rinkal Makavana 01-09-1991

Bharat Vala 20-09-1985

**In this month**

1-6 Organisation for Early Literacy Promotion orientation workshop and Exposure Visit Krishngrah

7-9 Meeting of Ekal Nari shakti manch at Ahmadabad

9 Monthly review and planning meeting of all LAMP partners at Amreli

13 SSKK Staff meeting

17 GIZ Project Evaluation by Dr. rer. pol. Agnes M. GEROLD (Economist)

24 Meeting with CottonConnect for low cost farmers training

26 Baseline study for the project villages of CSPC under KVY

29-31 Sorath and Jafrabad FPC visit and meeting with our staff by Arun Tiwari from CSPC

30 Visit to PU 14 and PU 27 by Dr. Sohi from TATA TRUSTS

**આળસથી કટાઈ જવા કરતાં મહેનતથી ઘસાઈ જવું વધુ સારૂ છે.**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**વીચારોનો ચીરાગ બુઝાઈ જવાથી આચાર અંધ થઈ જાય છે.**